# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હવે સ્વજનો નો જ 'આપ'માંથી વિશ્વાસ ખૂટે છે,
લોકોનો ય તમારી શક્તિ પર વિશ્વાસ છૂટે છે,
ચૂંટે જે વિશ્વાસથી પ્રજા, નેતાઓ નિભાવે નહીં -
સત્તાની કલ્પનામાં કવિરાજે 'વિશ્વાસ' તૂટે છે!
('વિશ્વાસ'ની ગૂંલાંટ?)

## હાઈકુ

લૂંટાયા પછી,
આવ્યો ઘેર પરત -
ઉડાઉ પુત્ર!!
(કાશ્મીરી પ્રોડિગલશન)

ઉભરે પ્રેમ,
સદ્‌ભાવના સ્વરૂપે -
પૂર્વ-જન્મનો..?!
(અમેરિકી સંશોધન!)

## ચિંતન

**ધર્મઃ પ્રવ્રજિત સ્તપઃ પ્રચલિતં સત્યં ચ દૂરે ગતં પૃથ્વી મંદફલા નશઃ કપટિનશ્ચિતં ચ શાઠ્યોર્જિતમ્ ।**
**રાજનો અર્થપરા ન રક્ષણપરાઃ પુત્રાઃ પિતુર્દ્વૈષિણઃ સાધુઃ સીદતિ દુર્જનઃ પ્રભવતિ પ્રાપ્તે કલૌ દુર્યુગે ॥**

'આ કળીયુગના સમયમાં ધર્મનું આચરણ લુપ્ત થઇ ગયું છે, સત્ય તો કયાંય અદૃશ્ય થઇ દૂર ચાલ્યું ગયું છે. તપ-ત્યાગ ચલાયમાન થઇ ગયાં છે. પૃથ્વી પણ થોડાં ફળ આપતી થઇ ગઇ છે. અર્થાત ખેતી-ઉત્પન્ન-પાકમાં નિષ્ફળતા મળે કે કોઇને કોઇ કારણસર જીવાત-અતિવૃષ્ટિ-દુકાળને કારણે ઓછો કે નિષ્ફળ પાક થાય છે.'

માણસો કપટી-જુઠા-દુરાચારી થઇ ગયા છે. ચિત્તે શઠતાથી ખરાબ વિચારોથી-દુરાચારોથી ભરેલું થઇ ગયું છે.

રાજાઓ સ્વાર્થી માત્ર સત્તાનો દુરૂપયોગ કરી કૌભાંડો દ્વારા માત્ર ધન એકત્ર કરવામાં જ પ્રવૃત્ત છે એમને પ્રજાના કલ્યાણ કે રક્ષણની કંઇ જ પડી નથી.

કળિયુગના સંતાનો-પુત્રો-વડીલોની ઉપેક્ષા કરે છે અને આજ્ઞાઓનો આદર કરતા નથી ઉલ્ટું પિતાનો દ્વેષ કરનારા હોય છે.

કળિયુગમાં સારા અને સાચા માણસો દુખી થાય છે દુષ્ટ-કપટી-જુઠ્ઠા માણસો સુખ-સત્તા-સમૃદ્ધિમાં આળોટતા હોય છે.

## સુવિચાર

- 'સુખ' કોઇ દાગીનો નથી, એતો આંસુ અને પસીનાથી ઊભો કરવો પડે છે **- ભૂપત વડોદરિયા**
- ઘૂમતો ભમરડો અભિમાન કરે કે હું કેવું ઝડપથી ઘૂમું છું.. તેના જેવું જ મિથ્યાભિમાન માણસનું છે **- ભાણદેવ**
- જીંદગીને માણો, ભરપૂર જીવો.. વર્ષોની ફૂટપટ્ટીથી જીંદગીની મીઠાશનું માપ નથી નીકળવાનું,. સાડા પાંચ વારનું જીંદગીનું પાનેતર છે એ પોત તમે ગમે તેટલી વાર માપશો તોયે તેની લંબાઇ કે પોત બદલાઇ જવાના નથી **- ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- અનુભવે માણસ જાણશે કે આશિષમાં એક શક્તિ છે, શાપમાં કાંઇ જ શક્તિ નથી **- ઝેન કથન**
- આપણું માનેલું સુખનું સ્વપ્ન આપણું પોતાનું નથી પણ બીજા કોઇની સુખની કલ્પનાની ચોરી છે **- મોરારી બાપુ**
- પોતાની નહીં ફળેલી ઝંખનાઓ પણ ભવિષ્યની કોઇક ક્ષણે મીઠી લાગે છે, પારકી ઊછીની લીધેલી ઝંખનાઓ ફળશે તો પણ તેના ફળ મીઠાં નહીં હોય તે હકીકત આપણે ભૂલી ગયા છીએ **- એસ. ભટ્ટાચાર્ય**
- તમે કદાચ શાયર ન હોય તો તેની જરૂર નથી, પણ શાયરીના શોખીન તરીકે તમે જિંદગીના મુશાયરામાં બેસતાં શીખો **- શાહબુદ્દીન રાઠોડ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણી પ્રાર્થનાઓ, પૂજા, તપ, બધું જ ટૂંકા સ્વાર્થ માટે અને ઇશ્વરેચ્છા વિરૂદ્ધની હોય છે એટલે જ ભગવાન 'કાન આડા હાથ' રાખે છે મૂર્ખ પ્રાર્થનાઓ - તપ તરફ ધ્યાન આપતા નથી.

નારદજીના કાને વાત આવી, કળિયુગના એક ભક્તે નારદને કહ્યું ગમે એટલાં જપ-તપ કરીએ પણ ભગવાન સાંભળે છે કયાં? નારદે વાત નારાયણને પહોંચાડી, ભગવાન કહે - નાદરજી આ એડ્રેસ પર બે ઇર્ષાખોર પાડોશી રહે છે એને મળવા જાઓ!

નારદ ગયા - પહેલા પડોશીને પુછ્યું તમે શેના માટે તપ કરો છો? પડોશી કહે - મારા પાડોશી સાથે ઝગડો થયો છે એ ભેંસના દૂધમાં પાણી નાખી મને વેંચતો હતો. હવે હું તપ કરી ભગવાન પાસેથી ભેંસ જ માગું છું.

નારદ પછી બીજો પાડોશી કહે હું ભગવાન પાસે વાઘ માગીશ - જો પડોશીને ત્યાં ભેંસ આવે તો એને ખાઇ જાય!!

નારદને હવે સમજાયું કે ભગવાન લોકોની પ્રાર્થના-જપ-તપ શા માટે સાંભળતા નથી!

Email - sureshchandrabhatt18@gmail.com

# ધર્મ સુધારણા આંદોલનની શરૂઆત કયા દેશમાંથી થઇ હતી?

## વિશ્વનો ઇતિહાસ

(૧) આધુનિક વિશ્વના પ્રથમ રાજનૈતિક ચિંતક કોને માનવામાં આવે છે?
(અ) રૂસો (બ) રસ્કિન
(ક) કાર્લ માર્કસ (ડ) મેકયાવલી

(૨) માઇકલ એન્જેલો કયા દેશના ચિત્રકાર હતો?
(અ) ઇટલી (બ) ફ્રાન્સ
(ક) જર્મની (ડ) તૂર્કી

(૩) ધર્મ સુધારણા આંદોલનની શરૂઆત કયા દેશમાંથી થઇ હતી?
(અ) સ્કોટલેન્ડ (બ) ઇંગ્લેન્ડ
(ક) વેલ્સ (ડ) આયર્લેન્ડ

(૪) બોસ્ટન ટી પાર્ટીની ઘટના કઇ ક્રાન્તિ સાથે સંકળાયેલ છે?
(અ) ફ્રાન્સ ક્રાંતિ (બ) જર્મન ક્રાંતિ
(ક) અમેરિકન ક્રાંતિ (ડ) રશિયન ક્રાંતિ

(૫) નીચેનામાંથી કયા વિચારકનો ફાળો ફ્રાન્સની ક્રાંતિમાં નથી?
(અ) વોલ્તેર (બ) મોન્તેસ્ક
(ક) રૂસો (ડ) રસ્કીન

(૬) અમેરિકામાં સંસ્થાનવાદનો પ્રારંભ કયા અંગ્રેજ રાજાના કાળમાં થયો હતો?
(અ) જેમ્સ પ્રથમ (બ) જેમ્સ દ્વિતિય
(ક) વુડોર વિલ્સન (ડ) વિલિયમ જેમ્સ

(૭) અમેરિકાના મૂળ વસનારાઓ કયા નામે ઓળખાતા હતા?
(અ) બ્લેક ઇન્ડિયન (બ) રેડ ઇન્ડિયન
(ક) યલો ઇન્ડિયન (ડ) હબસી

(૮) નેપોલિયનને કેદી બનાવીને કઇ જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો ?
(અ) રોમની જેલમાં (બ) બેથલહેમની જેલમાં
(ક) જેરૂસલેમની જેલમાં (ડ) સેન્ટ હેલીનાની જેલમાં

(૯) 'કોમ્યુનિસ્ટ મેનીફેસ્ટો' એ 'દાસ કેપીટલ' પુસ્તકના લેખક કોણ?
(અ) ઝાર (બ) બિસ્માર્ક
(ક) કાર્લ માર્ક્સ (ડ) ગેરી બાલ્ડી

(૧૦) ઇટાલીના એકીકરણના જનક તરીકે કોણ ઓળખાય છે ?
(અ) વોલ્તેર (બ) જોસેફ મેઝિની
(ક) રોબર્ટ ઓલવ (ડ) લેનિન

(૧૧) સમાજવાદ શબ્દનો સૌપ્રતમ પ્રયોગ કોણે કર્યો હતો ?
(અ) કાર્લ માર્ક્સ (બ) રૂસો
(ક) રાફેલ (ડ) રોબર્ટ ઓવન

(૧૨) નેપોલીયન બોનાપાર્ટ બીજી કઇ રીતે ઓળકાતા ?
(અ) લિટલ કાર્પોરલ (બ) બીગ કોર્પોરલ
(ક) બ્લેક કિંગ (ડ) ત્રણેમાંથી એક પણ નહિં

(૧૩) રાણી એલિઝાબેથ પ્રથમ ઇંગ્લેન્ડની ગાદી પર કયારે આવી?
(અ) ૧૫૫૮ (બ) ૧૫૭૦
(ક) ૧૬૫૮ (ડ) ૧૯૭૦

(૧૪) ઇટલીમાં ફાંસીવાદના જન્મદાતા તરીકે કોણ ઓળખાય છે?
(અ) મુસોલીન (બ) હિટલર
(ક) વુડોર વિલ્સન (ડ) ચાર્લ્સ પ્રથમ

(૧૫) આધુનિક તુર્કી નિર્માતા તરીકે કોને ગણવામાં આવે છે?
(અ) અતાતુર્ક (બ) મુસ્તફા કમાલ પાશા
(ક) હેરોડોટ્સ (ડ) સુનાયત સેન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૨ સપ્ટે. ૧૯૧૦ એલેક્ષઝેન્ડર લંગમુર - અમેરિકાના એપીડેમીયોલોજીસ્ટ હતા. એપેડેમીક ઇન્ટેલીજન્સ સર્વિસ શરૂ કરનાર વૈજ્ઞાનિક
- ૧૨ સપ્ટે. ૧૯૦૦ હેકસેલ કરી - અમેરિકન ગણિતશાસ્ત્રી, મોર્ડન મેથેમેટીકલ લોજીકના પ્રણેતા
- ૧૩ સપ્ટે. ૧૯૧૨ હોરેસ ડબલ્યુ બેકોક - અમેરીકન એટ્રોનોર સૂર્યની સપાટી પરના મેગ્નેટીક ફિલ્ડને માપનાર વૈજ્ઞાનિક
- ૧૩ સપ્ટે. ૧૮૮૬ સર રોબર્ટ રોબિન્સન -ઇંગ્લીશ કેમીસ્ટ ૧૯૪૭માં નોબલ પ્રાઇઝ વિજેતા.
- ૧૪ સપ્ટે. ૧૯૩૬ ફેરીડ મુરાટ - અમેરીકન તબીબ અને ફાર્માકોલોજીસ્ટ, ૧૯૯૮માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૪ સપ્ટે. ૧૯૧૪ રોબર્ટ એસ. ડીટઝ - અમેરીકન જીઓફીઝીસ્ટ અને સમુદ્ર વિજ્ઞાની.
- ૧૫ સપ્ટે. ૧૯૩૨ ઇંગ્લીશ અમેરીકન કેમીસ્ટ, નિષ્ક્રીય વાયુઓ વિષે સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૧૫ સપ્ટે. ૧૯૨૯ મરી ગેલ માન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, અણુવિજ્ઞાન ક્ષેત્રે ૧૯૬૯માં નોબલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક
- ૧૬ સપ્ટે. ૧૯૧૯ માર્લિન મિડલ માર્ક - ટીવી રેબીટ ઇયર 'એન્ટેનાના શોધક.'
- ૧૬ સપ્ટે. ૧૮૯૩ એલ્બર્ટ સ્ઝેન્ટ - હંગેરીયન અમેરીકન બાયોકેમીસ્ટ, ૧૯૩૭માં નોબલ પારિતોષિક વિજેતા.

## ખજાનો



- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

- ૧૭ સપ્ટે. ૧૯૧૬ ઓસ્વાલ ગેરીસન વિલાર્ડ - અમેરીકન ઇલેકટ્રોનીક એન્જીનીયર, હોરીઝોન રડાના શોધક
- ૧૭ સપ્ટે. ૧૯૦૫ મેરીલ ડબલ્યુ ચેઝ - અમેરીકન ઇમ્યુનોલોજીસ્ટ, સેલ્યુલર ઇમ્યુનોલોજીના શોધક
- ૧૮ સપ્ટે. ૧૯૫૧ જહોન કલર્ક - ઇંગ્લીશ મોલેક્યુલર બાયોલોજીસ્ટ
- ૧૮ સપ્ટે. ૧૯૦૭ એડવીન મેકમિલન - અમેરીકન ન્યુકલીયર ભૌતિક વિજ્ઞાની, ૧૯૫૧માં નોબલ પારિતોષિક વિજેતા

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - આંતરરાષ્ટ્રીય ઓઝોન દિન કયા દિવસે ઉજવાય છે?**
**જવાબ - ૧૬ સપ્ટેમ્બર**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) આકાશ જી. પટેલ : સે-૩૦
(૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૩૦
(૭) જીતેન્દ્ર પાઠક : સે-૬બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**લોકસભાના સાંસદ અને ઉ.પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના ધર્મપત્નીનું નામ શું છે**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]

# હિન્દુ ધર્મનું એક અગત્યનું પાસું કષ્ટ પ્રત્યે ઉદાસીનતા અને વિરકિત કેળવીને મનનો નાતો ઈશ્વર સાથે જોડવા પ્રયત્ન કરવું તે છે

## કષ્ટ, મરણ અને મૃત્યુ બાબત હિન્દુ અભિગમ

**લેખક - દામોદરલાલ શર્મા**
**અનુવાદ - સુરેશ દા. શર્મા દ્વારા**

(બ્રિટનનાં પ્રકાશિત થતા 'પેલિયેટિવ મેડિસિન' એટલે 'કષ્ટશામક ઉપચાર' સામયિકમાં ૧૯૯૦ના ચોથા અંકમાં છપાયેલ લેખનો અનુવાદ)

લેખમાં આવતા ચાવીરૂપ શબ્દો : (૧) સંપ્રદાય, (૨) સંપ્રદાય અને ઉપચાર (૩) સાંપ્રદાયિક માન્યતાઓ અને (૪) ધર્મશાસ્ત્ર

● ટૂંકસાર :

હિન્દુ ધર્મનું એક અગત્યનું પાસું કષ્ટ પ્રત્યે ઉદાસીનતા અને વિરકિત કેળવીને મનનો નાતો ઇશ્વર સાથે જોડવા પ્રયત્ન કરવું તે છે. મૃત્યુને પુનર્જન્મના પ્રથમ પગથિયાં તરીકે જોવામાં આવે છે, કારણ કે ધર્મશાસ્ત્રો પ્રમાણે દરેક જન્મના કર્મો દર પુનર્જન્મને તથા તેના જીવનને પ્રભાવિત કરે છે. કષ્ટને પૂર્વજન્મોના પાપોના ફળ તરીકે જોવામાં આવે છે. કષ્ટને ટાળી શકાતું નથી તેથી નિર્ભયતાથી સહન કરવું જોઇએ તેવી સલાહ આપવામાં આવે છે.

ભોજન, પીણાઓ અને સ્વચ્છતા અંગે અમુક પ્રથાઓ અગત્યની હોય છે અને તેઓનું પાલન નિષ્ઠાથી કરવું દરેક હિન્દુ માટે મનની શાંતિ પ્રાપ્ત કરવા માટે અગત્યનો ભાગ ભજવે છે.

● હિન્દુ ધર્મનું દર્શન :

હિન્દુ સંપ્રદાયનો માનવજાતને એક અગત્યનો સંદેશો એ છે કે તેણે, જીત-હાર, લાભ-હાની, સુખ-દુ:ખ તેમજ ઉનાળા-શિયાળા વિગેરેના ઉભય પક્ષના ભેદ ભૂલીને જીવન પ્રત્યે અનાસક્તિ કેળવવી જોઇએ. આનો અર્થ એ થાય છે કે માનવીએ પોતાના જીવનમાં ભૌતિક દુ:ખો અને કષ્ટોની અવગણના કરી તેના પર નિયંત્રણ મેળવી તેના પર વિજય પ્રાપ્ત કરવો જોઇએ. આવું કરવા માટેની બધી શક્તિઓ માનવી ધરાવે છે. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં ઘણાં મહાનુભાવો અને જ્ઞાનીઓની વાર્તાઓ છે જેમાં તેઓએ ધ્યાન અને અનાશક્તિના સતત અભ્યાસથી એવી આવડતો કેળવી છે કે જેના વડે તેઓ ભૌતિક દુ:ખો અને કષ્ટો સહન કરવા સમર્થ થયા છે. વારંવાર ધર્મગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવે છે કે કષ્ટોને અવગણી ઇશ્વરમાં મનને પરોવી શકાય છે અને દરેક વ્યક્તિએ તેમજ કરવું જોઇએ.

● મૃત્યુથી નવા જન્મ તરફ :

એ તો સર્વવિદિત છે કે હિન્દુઓ પુનર્જન્મમાં એટલે કે જીવાત્માના ભૌતિક શરીર વગરના સૂક્ષ્મ વ્યક્તિત્વના પરાગમનમાં માને છે. તેઓ માને છે કે વ્યક્તિના હાલના દેહથી જીવનની શરૂઆત થઇ નથી પણ દરેક વ્યક્તિ ઘણાં પૂર્વજન્મોમાંથી પસાર થઇ તે બધા જન્મોના સંસ્કાર, જીવાત્મા મારફતે પ્રાપ્ત કરીને હાલનું જીવન જીવતા હોય છે અને તેવું કરવા તે ત્યાં સુધી મજબૂર રહે છે કે જયાં સુધી તેને પોતાના આત્માને પોતાના પુણ્યોની કમાણી દ્વારા પરમાત્મામાં વિલીન કરવામાં સફળતા ન મળી હોય. પૂર્વજન્મોમાં તે માણસ, અથવા તો સૃષ્ટિમાં ઉપલબ્ધ અનેક યોનિઓમાં જન્મ લઇ જીવન જીવે એછે તે જ રીતે હવે પછી પુર્વજન્મ વખતે માણસ અથવા તો ગમે તે પ્રાણી જેમ કે ગાય, હાથી, પક્ષી, કુતરો અથવા અન્ય કોઇ પણ પ્રાણીનો દેહ ધારણ કરશે. જીવાત્મા જે કાયામાં જન્મ લે છે તે અને તે અગાઉના બધા જન્મોના કર્મો, ગતિવિધિઓ, આશાઓ, આકાંક્ષાઓ અને અતૃપ્ત વાસનાઓ પર આધારિત રહે છે. ભગવદગીતાના બીજા અધ્યાયના બાવીસમાં શ્લોકમાં ભગવાન ઉપદેશ આપે છે કે "જેમ માનવી પોતાના ફાટેલા વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે તે જ રીતે જીવાત્મા આ દેહ ત્યજીને નવો દેહ ગ્રહણ કરે છે." મૃત્યુ વ્યક્તિનો અંત નથી ખરેખર તો એ જીવાત્મા, આત્મા સાથે, અન્ય દેહમાં પ્રયાણ કરે તેની શરૂઆત છે. આ વિચાર મૃત્યુશય્યા પરના વ્યક્તિ માટે એક ઘણી મોટી રાહત આપતો વિચાર છે અને તેને સંતોષ અને આશ્વાસન આપે છે. આના લીધે મૃત્યુશય્યા પર વ્યક્તિ આવી ક્ષણોમાં અન્ત આવ્યાની ઘોર નિરાશામાંથી મુક્ત રહેવા પ્રેરણા અને સફળતા મેળવે છે.

● સૂક્ષ્મદેહ

હિન્દુ ધર્મશાસ્ત્રો પ્રમાણે, આપણે જેને વ્યક્તિના દેહ તરીકે જાણીએ છીએ તે ઘણા બધા સ્થૂલ અને સૂક્ષ્મદેહોનું સમિશ્રણ હોય છે નહીં કે એક અટુલો વ્યક્તિનો દેહ. આવા વ્યક્તિમાં સહુથી સ્થૂલ તો પ્રત્યક્ષ હયાત દેહ છે તેના કરતાં સૂક્ષ્મ પાંચ જ્ઞાનેન્દ્રિયો, તેનાથી સૂક્ષ્મ મગજનો તે ભાગ છે જે આનંદ-કષ્ટ, સુખ-દુખ વિગેરે લાગણીઓ અનુભવે છે, તેનાથી પણ સૂક્ષ્મ મગજનો બુદ્ધિવાળો ભાગ છે જે સારા-નરસા, સાચા-ખોટાનો ભેદ કરીને નિર્ણયો કરે છે અને આ બધા સૂક્ષ્મ દેહો કરતાં પણ સૂક્ષ્મ જીવાત્મા હોય છે જે વ્યક્તિના આ તેમજ પૂર્વજન્મના અનુભવોનું સારાંશ હોય છે. આ જીવાત્મા સર્વગ્રાહી એકમ હોય છે જે નવીન દેહ પ્રાપ્ત કરવા સક્ષમ હોઇ નવું જીવન અંગીકાર કરતો હોય છે. જીવાત્મા કરતાં પણ સૂક્ષ્મ આત્મા હોય છે જે પરમાત્માનો અંશ હોય છે અને વ્યક્તિની જાગૃતાવસ્થા, સ્વપ્નાવસ્થા અથવા ઘોર નિદ્રાવસ્થા દરમિયાન પણ સજાગ રહે છે તથા શાશ્વત અને સર્વવ્યાપી હોય છે. આ પરમાત્માનો અંશ વ્યક્તિના બધા અનુભવોને ફક્ત સાક્ષી હોય છે અને તેનાથી નિર્લિપ્ત અને અનાસક્ત રહે છે. આ આત્મા હંમેશા જીવાત્માની સાથે જ દરેક જન્મમાં રહે છે. જેમ પવન સૂક્ષ્મ સૌરભને ગ્રહમ કરે પણ સ્થૂળ પુષ્પને ત્યજે છે તેમજ મૃત્યુ સ્થૂળ દેહને ત્યજીને સૂક્ષ્મ જીવાત્મા, જેમા આત્મા સમાવિષ્ટ છે અને જેમાં આગોતરા જીવનોના અનુભવોનો સારાંશ છે, તેણે ગ્રહણ કરે છે અને તે જીવાત્મા પુનર્જન્મવાળા નવા દેહમાં પ્રસ્થાપિત થાય છે. આ નવા દેહમાં જીવાત્માને જે જાતનું જીવન પ્રાપ્ત થાય છે તે જીવાત્માના પૂર્વજન્મોના કર્મો પણ આધારિત હોય છે.

**(ક્રમશ:)**

# પ્રાચીન ઋષિઓની માન્યતા પ્રમાણે 'પુરૂષ સંકલ્પયુક્ત' છે તે જીવનભર જે સંકલ્પ દઢ રીતે કરે તે પ્રમાણે નવો અવતાર ટૂંક સમયમાં મળે

## સંસ્કાર ચિંતન

અનંત ન. વ્યાસ

યેયં પ્રેતે વિચિકિત્સા મનુષ્યેસ્તીત્યેક નાયમસ્તીતિ ચૈક ।
એતદ્વિદ્યામનુંશિષ્ટ સ્ત્વયાહં વરણામેષ વરસ્તૃતીયઃ ॥

મનુષ્યનું મરણ થઇ ગયા પછી આત્માનું અસ્તિત્વ રહે છે એવું જ્ઞાનીઓ માને છે બીજા બધાની માન્યતા છે કે તેનું અસ્તિત્વ રહેતું નથી આપના ઉપદેશથી હું એ શંકામાંથી મુકત થઇને આત્મ-રહસ્યને સારી રીતે જાણી શકું. આ મારું ત્રીજું વરદાન છે.

- કઠ - ઉપનિષદ ૧-૧-૨૦

કઠ ઉપનિષદનો આ મંત્ર આત્મતત્ત્વના અસ્તિતવ અંગે વિશ્વમાં વ્યાપક વિરોધી મંતવ્યોનું પ્રતિબિંબ પાડે છે. નચિકેતા પણ અંતિમ રહસ્ય જાણવાની જીજ્ઞાસા ધરાવે છે. મૃત્યુ પામેલા માનવીના આત્મા (જીવ) અંગે સૌને શંકા છે. આ તત્વ કયાં જાય છે? કઇ રીતે દેહને છોડે છે? તેનું અસ્તિત્વ ટકે છે કે કે શરીરના ભસ્મિભૂત થવા સાથે તમામ નાશ જ પામે છે? આ માટે સતત પ્રયત્નો થતા રહે છે પણ હજી આ રહસ્ય હાથમાં નવી આવ્યું નચિકેતાને એ જાણવાની પ્રબળ ઇચ્છા છે.

નચિકેતાની કથા તો જાણીતી છે એ બાળક નથી પણ બાલ્યાવસ્થા પસાર કરી ગયેલ તીવ્ર-બુદ્ધિશાળી કિશોર છે. આપણા યુગના નવયુવકો જેમ મોબાઇલ ઇન્ટરનેટ, ફેસબુક જેવા જ્ઞાનવર્ધક યંત્રોને જાણે છે તેમ નચિકેતા પોતાના સમય પ્રમાણે ધર્મતત્ત્વને સારી રીતે જાણે છે તે વિષયક યથાર્થ જ્ઞાન ધરાવે છે. તેના પિતાજી યજ્ઞના અંતે જે ગોદાન કરે છે તે દુર્લભ ગાયોનું છે જે અઘટિત છે. તેમ તે કહી શકે છે. નચિકેતા દૃઢતાપૂર્વક અસત્યનો પ્રતિકરા કરે છે અને આ બાબતમાં તે આજના યુવાનો કરતાં ઘણો અલગ પડે છે. આજનો યુવાન ઘરમાં ખોટા માર્ગે થતી આવક અંગે ભાગ્યે જ વડિલને પુછે કે પડકારે... એ તો ખોટી કમાઇમાંથી ખરીદાયેલા મોંઘા સાધનોને વાપરવામાં પોતાની તથા કુટુંબની વડાઇ માને છે આ સાથે નચિકેતા ઉચ્છ્રૃખલ પણ નથી એ પિતાનું કંઇ અપમાન નથી કરતો પરંતુ સત્યાગ્રહ સેવે છે. જાતે દુ:ખ વહોરીને પણ પિતાની આંખ ઉઘાડવાનો પ્રયત્ન કરનાર એ વિશ્વનો પ્રથમ સત્યાગ્રહી છે. પરંતુ વડિલો અને સત્તાધારીઓ કાયમ પોતાનો અહં જાળવી રાખતા હોય છે. સત્તાધારીઓથી કોઇનો પડકાર ખમી શકાતો નથી પોતાના અધિકારમાં ડખલ કરનાર નચિકેતાને તેના પિતા મૃત્યુદંડ ફરમાવે છે. નચિકેતા પિતાની આજ્ઞા હસતા મુખે સ્વીકારે છે.

પિતાને અનુચિત સજા માટે પસ્તાવો થાય છે જયારે નચિકેતા પિતાને વચન-પાળવા જણાવે છે એ સમજુ છે જન્મ-મરણના ફેરા વિષયક તેને જાણકારી છે તેથી તે કહે છે. પિતાજી માણસનું જીવન અન્નના દાણા સમાન છે. દાણા પાકે છે ખરી જાય, માટીમાં મળે ને પાછા ઊગે. તેય મર્ત્ય માનવી પણ વારંવાર જન્મે છે. પાકે છે ખરી પડે છે. કબીર કહે છે 'મીટ્ટી ઓઢાવન, મિટ્ટી બિછાવન, મિટ્ટીમાં મિલ જાના હોગા' શરીરનો કાયમ માટે આ અંત છે... પણ આત્મસત્ત્વનું શું?'

પિતાની આજ્ઞા પ્રમાણે નચિકેતા યમ-સદને જાય છે પણ તેમાં પ્રવેશતો નથી. આ તો કથા છે અને ઋષીઓ એ કથા દ્વારા જ્ઞાન આપ્યું છે. ઉપનિષદના મંત્રો ગૂઢ હોય છે તે રીતે વિચારતાં નચિકેતા મરણાસન્ન બને છે પણ તેનું આત્મતત્ત્વ જીવંત છે. તે મૃત્યુ અંગે ગહન ચિંતનમાં જ મગ્ન થઇ જાય છે. આ ગહન ચિંતન તેને મૃત્યુના દેવનું સાક્ષાત દર્શન કરાવે છે. આ મૃત્યુના દેવ જ્ઞાનની આછટ પ્રકાશરેખા મારફ્તે તેના ચિત્તમાં પ્રવેશે છે. ત્રણ દિવસના સતત મનન અને ચિંતન દ્વારા તે પથરૂપી ગુરૂ પ્રાપ્ત કરે છે. મનમાં વિસ્તરતી જ્ઞાન-પ્રકાશની રેખા એ ત્રણ વરદાન તે પામે છે. નચિકેતા પ્રથમ વરદાનમાં પિતાનું કલ્યાણ માગે છે. પિતા અયોગ્ય દાન માટે પાપભાગી થયા છે અને સુપુત્રની એ ફરજ છે કે તે પિતાને ઋણમુક્ત કરે. પિતા પછી સમાજના કલ્યાણ તરફ તે વિચારે છે. તેથી જ તે અગ્નિવિદ્યા માગે છે. અગ્નિ કેમ સાચવવો. કેમ પ્રગટ કરવો યજ્ઞની વેદી કેમ બાંધવી ઇત્યાદિ તમામ પ્રક્રિયા તે સમજી લે છે અને ગ્રાહપત્ય અગ્નિની ગૃહોમાં સ્થાપના કરે છે. અગ્નિ આપણો જીવંત દેવ છે.

આ તો કુટુંબ તથા સમાજકલ્યાણની વાત થઇ પણ ત્રીજું વરદાન એ આત્મકલ્યાણ માટે માગે છે. આ મંત્ર આત્મા અંગે જાણવાની તેની ઇચ્છા જણાવે છે. આત્માર્થે જગત પણ ત્યજવું, 'તેવું શ્રુતિ વચન છે નચિકેતાને યમ જેવા ગુરૂ મળતાં આ જ્ઞાન પ્રાપ્ત કરવા તે ઇચ્છુક બન્યો છે. મરણ પછી આત્માનું શું થાય છે? તે ટકે છે કે નાશ પામે છે એ કંઇ રીતે દેહ છોડે છે. તે અંગે ભારોભાર શંકાઓ પ્રવર્તે છે. જે સ્થિતિ નચિકેતાની હતી તે આજે આપણી પણ છે આપણે પણ આત્મતત્ત્વ વિષયક કંઇ જાણતા નથી.'

આપણે પુનર્જન્મમાં માનીએ છીએ. પુનર્જન્મના ઘણાં ઉદાહરણો વિશ્વના વિવિધ વિભાગમાંથી મળતા રહે છે. જે ધર્મો તેમાં માનતા નથી તેવા ધર્મોમાં પણ તેના દાખલા મળ્યા છે. વિજ્ઞાન અને ધર્મ એ ગ્રંથમાં જૈન મુનિએ વિશ્વભરના દાખલા ટાંક્યા છે. ઘણાં માન્ય મનિષિઓ પણ તેમાં માને છે. આમ આત્મા એક શરીર છોડી અન્ય શરીર ધારણ કરે છે તે સિદ્ધાંત સ્વીકારાતો જાય છે. પણ એક શરીર છોડ્યા પછી તેનું શુ થાય છે. કેટલાક સમયે નવો અવતાર લે છે - વચ્ચેના ગાળામાં એ કયાં હોય છે તેના વિશે વિવિધ મંતવ્યો પ્રચલિત છે. જે નીચે મુજબ મનાય.

પ્રાચીન ઋષિઓની માન્યતા પ્રમાણે 'પુરૂષ સંકલ્પયુક્ત' છે તે જીવનભર જે સંકલ્પ દૃઢ રીતે કરે તે પ્રમાણે નવો અવતાર ટૂંક સમયમાં મળે. પૌરાણિક માન્યતા પ્રમાણે અંતિમ સમયે જેનું ચિંતન થતાં દેહ છૂટી જાય તેવો અવતાર મળે. ભરતને હરણનો અવતાર લેવો પડ્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણના જણાવ્યા પ્રમાણે જીવ પોતે કરેલા પુન્યકર્મના ફળ ભોગવવા સ્વર્ગમાં અને ખરાબ કર્મના ફળરૂપે નરકમાં જાય છે. ત્યાં ફળપ્રાપ્તિ પુરી થતાં જીવ પાછો અવતાર ધારણ કરે છે અહીંથી ગયેલો જીવ થોડો સમય આરામમાં ગાળે છે અને ત્યારપછી પોતાને અનુકૂળ સંજોગો અને કુટુંબની તપાસ કરી જન્મ લે છે. જે વાસના અતૃપ્ત હોય તે વાસના જે દેહમાં તૃપ્ત થઇ શકે તેવો દેહ ધારણ કરે. માનો કે કોઇ બ્રાહ્મણ હિંસક ભાવના ધરાવતો હોય તો તેનો નવો અવતાર કસાઇ કે હિંસામાં શ્રધ્ધા ધરાવતી કોમમાં થાય. આમ પુનર્જન્મ કેમ થાય છે તે વિષયક ઘણાં મંતવ્યો છે. યમરાજા નચિકેતાને સ્પષ્ટ જણાવે છે કે શરીરનો નાશ થવાની આત્મા મરતો નથી. આ તત્ત્વ અગમ્ય - અતિ સૂક્ષ્મ અચલ અને સનાતન છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે આત્માના ગુણ-લક્ષણો સારી પેઢે વર્ણવ્યા છે. નચિકેતાને જ્ઞાન થાય છે કે આ શરીરમાં આત્મા જ કેન્દ્ર સ્થાને છે. આત્મજ્ઞાન પામ્યા પછી - એટલે કે પોતાના સ્વરૂપને પુરેપુરી જાણવાથી આ શરીર-સંબંધી તમામ આધિ-વ્યાધિ ઉપાધિનાં અંતે આવે છે. મન નિર્મળ બને છે શાંત વિચારવિહિન ચિત્ત પરમ શાંતિ પામે છે આ પરમ શાંતિ એ જ મોક્ષ છે.